પૂરપાટ ઝડપે દોડતા અજાણ્યા કન્ટેનર ચાલકે બાઈક અને એક્ટિવાને અડફેટે લીધા

તરસાણા-વસઈ રોડ પર કન્ટેનરની ટક્કરથી એકનું મોત

સ્થાનિક યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત, બે ઈજાગ્રસ્તો પૈકી એકની હાલત નાજુક

અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા ચાલકને પકડવા પોલીસે તજવીજ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા,ડભોઈ તા.28

ડભોઈ તાલુકાના તરસાણા અને વસઈ ગામ વચ્ચે આવેલા માર્ગ પર એક અત્યંત ગમખ્વાર અને દર્દનાક અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા કન્ટેનરના ચાલકે બેફામ ડ્રાઈવિંગ કરી પૂરઝડપે બાઈક અને એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. આ ગોઝારી અકસ્માતમાં વસઈ ગામના એક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવાનો ગંભીર રીતે ઘાયલ થતાં સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ડભોઈ તાલુકાના તરસાણાથી વસઈ તરફ જતા માર્ગ પર અચાનક જ એક અજાણ્યા કન્ટેનરનો ચાલક પોતાના વાહનને પૂરપાટ અને બેફામ ગતિએ ચલાવીને આવી રહ્યો હતો. આ દરમિયાન રસ્તા પરથી પસાર થઈ રહેલા એક બાઈક અને એક્ટિવા ચાલકને આ કન્ટેનરે જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે વાહનોના ફૂરચા ઉડી ગયા હતા અને વાહનચાલકો રોડ પર ફંગોળાયા હતા.

આ અકસ્માતમાં વસઈ ગામના રહેવાસી બુદ્ધિસાગર ખોડાભાઈ રાઠોડિયા પોતાના બાઈક પર સવાર હતા, જેમને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. એક્ટિવા વાહન પર સવાર હર્ષ બારીયા અને હાર્દિક બારીયા પણ આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા હતા.

ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સને ફોન કરીને જાણ કરી હતી. એમ્બ્યુલન્સની મદદથી બંને ઈજાગ્રસ્ત યુવાનોને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં ફરજ પરના તબીબો દ્વારા તેમની સારવાર શરૂ કરવામાં આવી છે, પરંતુ ઈજાગ્રસ્તો પૈકી એક યુવાનની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માત સર્જ્યા બાદ કન્ટેનરનો ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે મૂકીને કે ભગાડીને ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. અકસ્માતના આ બનાવની જાણ થતાં જ ડભોઈ પોલીસ મથકનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પોલીસે મૃતક બુદ્ધિસાગર રાઠોડિયાના શબને કબજે કરી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો છે. આ મામલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોલીસે અજાણ્યા કન્ટેનર ચાલક વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધીને ફરાર ચાલકને ઝડપી પાડવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ અને હાઈવેના ફૂટેજના આધારે સઘન તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

અંધ બહેનોએ તિલક કરી ભાઈઓના હાથમાં બાંધ્યું રક્ષાસૂત્ર

લાયન્સ ક્લબ ઓફ દાહોદે અંધશાળાના વિદ્યાર્થીઓ સાથે ઉજવી રક્ષાબંધન

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

લાયન્સ ક્લબ ઓફ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232 એફ વન રિજિયન છ અને ઝોન ટુ માં આવેલી લાયન્સ ક્લબ ઓફ દાહોદ સીટી અને એબિલિટી દ્વારા ભાઈ બહેનને પવિત્ર પ્રેમનો તહેવાર અને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ રક્ષાબંધનની ઉજવણી શ્રીમતી એમ બી જૈન અંધશાળા છાપરી ખાતે લાયન્સ ક્લબ ઓફ દાહોદ સીટી પ્રમુખ લાયન કમલેશ લીમ્બાચીયા ના અધ્યક્ષ સ્થાને ખાતે ઉજવણી કરવામાં આવી. અંધશાળાના બાળકો દ્વારા પ્રાર્થના અને રક્ષાબંધન ના ગીતો દ્વારા રક્ષાબંધનની ખૂબ ઉત્સાહ પૂર્વ ઉજવણી કરવામાં. અંધ બહેનો દ્વારા કુમકુમ તિલક કરી અંધ ભાઈઓના હાથમાં રક્ષા સુત્ર બાંધી મીઠાઈ દ્વારા મોઢું મીઠું કરવામાં આવ્યું. અધ્યક્ષ લાયન કમલેશ લીમ્બાચીયા ઉદબોધનમાં જણાવ્યું કે આજના સમયમાં રાખડી ફક્ત લોહીના સંબંધ પૂરતી નથી પરંતુ તે પ્રેમ, વિશ્વાસ અને જવાબદારીનું પ્રતિક છે. સમગ્ર સફળ કાર્યક્રમ સંચાલન એનેબી ના મંત્રી અને લાયન્સ ક્લબ ઓફ સીટી મંત્રી લાયન યુસુફી કાપડિયા દ્વારા કરવામાં આવ્યું. આભારવિધિ એબિલિટી મંત્રી લાયન સંજય પ્રજાપતિ દ્વારા કરવામાં આવી. આ પ્રસંગે ટ્રેઝરર લાયન રાધેશ્યામ શર્મા, લાયન ટીવી સુરેશ ભૂરા, એમબી જૈન અંધશાળાના આચાર્ય હુસનુદ્દીન શેખ, ગૃહપતિ સંજયભાઈ પરીખ, શિક્ષક મિત્રો તેમજ વિદ્યાર્થી મિત્રો ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રાખડી, મીઠાઈ અને ભેટવસ્તુઓની ખરીદીથી પાદરાના બજારોમાં ભારે ગ્રાહકી

પાદરા-વડુ પંથકમાં ઉમંગ-ઉલ્લાસ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી

તિલક-આરતી બાદ બહેનોએ ભાઈના કાંડે રાખડી બાંધી દીર્ઘાયુષ્યની પ્રાર્થના કરી

(પ્રતિનિધિ) પાદરા, તા.28

ભાઈ-બહેનના અતૂટ પ્રેમ, લાગણી અને રક્ષાના પવિત્ર બંધનના પ્રતીક સમા રક્ષાબંધન પર્વની પાદરા-વડુ પંથકમાં હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ ઘરોમાં તહેવારી માહોલ જોવા મળ્યો હતો. બહેનોએ શુભ મુહૂર્તે ભાઈઓના કપાળે તિલક કરી આરતી ઉતારી હાથ પર રાખડી બાંધી ભાઈના દીર્ઘાયુષ્ય, સુખ-સમૃદ્ધિ અને સફળ જીવન માટે પ્રાર્થના કરી હતી. ભાઈઓએ પણ બહેનોને પ્રેમપૂર્વક ભેટ અને પ્રતિઉપહાર આપી આ પવિત્ર સંબંધની ખુશી બમણી કરી હતી.

રક્ષાબંધન નિમિત્તે બહારગામ રહેતી બહેનો પણ પોતાના ભાઈઓને રાખડી બાંધવા પાદરા-વડુ પંથકમાં પોતાના પરિવારજનો સાથે આવી પહોંચી હતી. જેના કારણે સવારથી જ ઘરોમાં ભાઈ-બહેનના મિલન અને લાગણીસભર દૃશ્યો જોવા મળ્યા હતા.

રક્ષાબંધનની ઉજવણી દરમિયાન પંથકની વિવિધ શાળાઓમાં પણ બહેનો દ્વારા વિદ્યાર્થીઓના હાથ પર રાખડી બાંધી ભાઈચારા, સ્નેહ અને સૌહાર્દનો સંદેશ આપવામાં આવ્યો હતો. ખાસ કરીને નાના બાળકોમાં રક્ષાબંધનને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

રક્ષાબંધન પૂર્વે પાદરાના બજારોમાં રાખડી, મીઠાઈ, ચોકલેટ, કપડાં તથા વિવિધ ભેટવસ્તુઓની ખરીદી માટે ભારે ગ્રાહકી જોવા મળી હતી. વિવિધ ડિઝાઈન અને રંગબેરંગી રાખડીઓના સ્ટોલ બજારમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. મીઠાઈ અને ફરસાણની દુકાનો પર પણ ખરીદદારોની ભીડ જોવા મળી હતી.

ચોકલેટ તથા આકર્ષક ગિફ્ટ પેકિંગનો ક્રેઝ વધ્યો હોવાનું પણ બજારમાં જોવા મળ્યું હતું. પરંપરાગત મીઠાઈમાં લાડુ અને બર્ફી ઉપરાંત વિવિધ પ્રકારના ફરસાણની પણ માંગ રહી હતી. તહેવારને લઈને ખરીદીમાં વધારો થતાં વેપારીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

વનવિભાગ અને વાઇલ્ડલાઇફ ટીમે પાંજરું ગોઠવી મગરને ઝડપી પાડ્યો

શિનોરના નાનાહબીપુરા ગામે રહેણાક વિસ્તારમાંથી મગર પાંજરે પુરાયો

(પ્રતિનિધિ) શિનોર, તા.28

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના નાનાહબીપુરા ગામે રહેણાક કોલોની વિસ્તારમાં અવારનવાર મગર દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળતો હતો. છેલ્લા કેટલાક સમયથી મગર કોલોની વિસ્તારમાં આવી ચઢી સ્વાનનો શિકાર કરતો હોવાના કારણે સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. ખાસ કરીને રાત્રિના સમયે મગરની અવરજવરથી લોકોમાં ચિંતા જોવા મળી હતી.

આ અંગે સ્થાનિકો દ્વારા શિનોર વનવિભાગને જાણ કરવામાં આવતા વનવિભાગની ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મગરને સુરક્ષિત રીતે પકડવા માટે વાઈલ્ડલાઈફ ટ્રસ્ટના વોલન્ટિયર ભરતભાઈ મોરે અને તેમની ટીમની મદદ લેવામાં આવી હતી. વનવિભાગ અને રેસ્ક્યુ ટીમ દ્વારા કોલોની નજીક યોગ્ય સ્થળે પાંજરું ગોઠવી મગરને પકડવા માટે નજર રાખવામાં આવી હતી.

શિનોર વનવિભાગના RFO ચિરાગ માછી સહિતની ટીમ તેમજ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટના ભરતભાઈ મોરે અને તેમની ટીમની મહેનત આખરે રંગ લાવી હતી અને મગર પાંજરામાં પુરાઈ ગયો હતો. મગર પાંજરે પુરાતા તેને સલામત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો.

રહેણાક વિસ્તારમાં અવારનવાર મગર દેખાતા લોકોમાં ફેલાયેલો ભય મગર પકડાયા બાદ દૂર થયો હતો. મગર પાંજરે પુરાતા નાનાહબીપુરા ગામની કોલોની વિસ્તારમાં રહેતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વનવિભાગ અને વાઈલ્ડલાઈફ રેસ્ક્યુ ટીમની કામગીરીને સ્થાનિકોએ બિરદાવી હતી.

બ્રહ્મ સમાજના મોટી સંખ્યામાં સભ્યો પરંપરાગત વિધિમાં જોડાયા

શ્રાવણી પૂનમે ડભોઈ ચોર્યાસી બ્રહ્મ સમાજનો યજ્ઞોપવિત સંસ્કાર

ઉમેશ્વર મહાદેવ મંદિરે ધાર્મિક વિધિ સાથે યજ્ઞોપવિત ધારણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 28

ડભોઈ ચોર્યાસી બ્રહ્મ સમાજ દ્વારા શ્રાવણી પૂનમના પાવન દિવસે નૂતન યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરવાનો ધાર્મિક કાર્યક્રમ ઉમા સોસાયટી ખાતે આવેલા ઉમેશ્વર મહાદેવ મંદિરે ભવ્ય રીતે યોજાયો હતો. કાર્યક્રમમાં બ્રહ્મ સમાજના મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી ધાર્મિક વિધિ મુજબ નૂતન યજ્ઞોપવિત ધારણ કર્યું હતું. હિન્દુ ધર્મમાં શ્રાવણ માસને અત્યંત પવિત્ર માનવામાં આવે છે. તેમાં પણ શ્રાવણ સુદ પૂર્ણિમા એટલે કે શ્રાવણી પૂનમનું વિશેષ ધાર્મિક મહત્વ છે. આ દિવસને રક્ષાબંધન તરીકે પણ ઉજવવામાં આવે છે. બ્રાહ્મણ સમાજ માટે શ્રાવણી પૂનમના દિવસે નૂતન યજ્ઞોપવિત ધારણ કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે.

આ પર્વ નિમિત્તે જૂનું યજ્ઞોપવિત બદલી નવું યજ્ઞોપવિત ધારણ કરી સ્વાધ્યાય, સદાચાર, સંયમ અને ધાર્મિક જીવનના સંકલ્પને પુનઃનવેસરથી સ્વીકારવામાં આવે છે. ઉમેશ્વર મહાદેવ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ધાર્મિક માહોલ વચ્ચે બ્રહ્મ સમાજના સભ્યોએ પરંપરાનું પાલન કરી શ્રાવણી પૂનમની ઉજવણી કરી હતી.

બોડેલી તાલુકામાં જબુગામ સહિત વિવિધ વિસ્તારોમાં પવિત્ર રક્ષાબંધનની ઉજવણી

ભાઈઓએ બહેનોને ભેટ આપી જીવનભર રક્ષાનો સંકલ્પ વ્યક્ત કર્યો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 28

બોડેલી તાલુકામાં જબુગામ સહિત વિવિધ વિસ્તારોમાં ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને લાગણીના પર્વ રક્ષાબંધનની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધન નિમિત્તે બહેનોએ પોતાના ભાઈઓના હાથમાં રાખડી બાંધી તેમની સુખ-સમૃદ્ધિ અને લાંબા આયુષ્યની પ્રાર્થના કરી હતી. નાની વયની બહેનોથી લઈને વૃદ્ધ બહેનો સુધી સૌએ ભાઈઓને રાખડી બાંધી આ પવિત્ર તહેવારની ઉજવણી કરી હતી. ભાઈઓએ પણ બહેનોને ભેટ આપી જીવનભર તેમની રક્ષા કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. રક્ષાબંધનના પર્વને લઈને બજારોમાં પણ રાખડીઓ, મીઠાઈઓ અને ભેટોની ખરીદી માટે લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર બોડેલી તાલુકામાં ભાઈ-બહેનના પવિત્ર સંબંધની લાગણીસભર ઉજવણી જોવા મળી હતી. જ્યારે દૂર રહેતા ભાઈઓ માટે કુરિયર દ્વારા પણ કેટલીક બહેનોએ રાખી મોકલીને પવિત્ર રક્ષાબંધનનો ત્યોહાર ઉજવ્યો હતો.

નર્મદા કિનારે બળેવ પર્વે ભક્તિમય વાતાવરણ સર્જાયું

શિનોરમાં બળેવ નિમિત્તે ભૂદેવોએ ધારણ કર્યા નવીન યજ્ઞોપવિત

અનસુયા માતાજીના મંદિરે વેદોક્ત મંત્રોચ્ચાર સાથે યજ્ઞોપવિત ધારણ વિધિ

(પ્રતિનિધિ) શિનોર, તા. 28

શિનોર બળેવના પવિત્ર પર્વ નિમિત્તે વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં નર્મદા નદીના કિનારે આવેલા અનસુયા માતાજીના મંદિરે ભૂદેવો દ્વારા નવીન યજ્ઞોપવિત ધારણ કરવાની ધાર્મિક વિધિ યોજાઈ હતી. વેદોક્ત મંત્રોચ્ચાર સાથે યોજાયેલી આ ધાર્મિક વિધિમાં શિનોર તાલુકાના અંદાજિત ૨૮થી ૩૦ જેટલા ભૂદેવોએ ભાગ લીધો હતો.

શ્રાવણી નક્ષત્રના પવિત્ર સંયોગને ધ્યાનમાં રાખીને ભૂદેવોએ નવીન યજ્ઞોપવિત ધારણ કર્યું હતું. આવતીકાલે યોગ્ય નક્ષત્ર ન હોવાના કારણે આ ધાર્મિક વિધિ આજે જ કરવામાં આવી હતી. નર્મદા નદીના પવિત્ર કિનારે આવેલા અનસુયા માતાજીના મંદિર ખાતે ભૂદેવોએ ધાર્મિક પરંપરા મુજબ વિધિવત્ યજ્ઞોપવિત ધારણ કરી બળેવ પર્વની ઉજવણી કરી હતી.

વેદોક્ત મંત્રોના ગુંજારવ અને ધાર્મિક વિધિથી મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. શિનોર પંથકના ભૂદેવોએ પરંપરાગત રીતે યોજાયેલી આ વિધિમાં ઉત્સાહપૂર્વક જોડાઈ નવીન યજ્ઞોપવિત ધારણ કરવાનો લાભ લીધો હતો.

સુખસર તાલુકામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રક્ષાબંધનનો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) સુખસર, તા. 28

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા દાહોદ જિલ્લાના સુખસર તાલુકામા આદરણીય મંત્રી રમેશભાઈ કટારા, પ્રદેશ પાર્ટી અધ્યક્ષ શંકરભાઈ અમલિયાર, સુખસર પોલીસ સ્ટેશન ખાતે પોલીસ અધિકારી, સુખસર તાલુકાના વરીષ્ઠ પત્રકાર બાબુભાઈ સોલંકી તથા મિલનભાઈ પ્રજાપતિને ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં યોગ ટ્રેનર બહેનોએ રક્ષા બાંધી ખુબ આગળ વધવા માટે અભ્યર્થના વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમા જીલ્લા યોગ કો-ઓર્ડીનેટર ધુળાભાઇ પારગી, તાલુકા યોગ કોચ શંકરભાઇ કટારા તેમજ મોટી સંખ્યામા યોગ ટ્રેનર ભાઇઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે યોગ ટ્રેનર બહેનો દ્વારા ભાઈઓએ પોતાના હાથે બહેનોની રાખડી સ્વીકારી હૃદયથી બહેનોને જ્યારે પણ કઠિન સમયે રક્ષાની જરૂરત પડે ત્યારે ઉભા રહી બહેનોની રક્ષા કરવા માટે તત્પર હોવાનું અંતર આત્માથી બહેનોની રક્ષાનો સ્વીકાર કરી ધન્યતા અનુભવી હતી.

દાહોદની નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ)નું ગૌરવ

(પ્રતિનિધિ) દાહોદ, તા. 28

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના બે અધ્યાપકોની શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં મહત્વની જવાબદારી માટે નિમણૂક થઈ છે. બોટની વિભાગના અધ્યક્ષ ડો. કે.જે. મહેતાની બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય તરીકે તથા કેમેસ્ટ્રી વિભાગના અધ્યક્ષ ડો. એચ.આર. ડાભીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ કોલેજ પરિવાર દ્વારા વાઇસ ચાન્સેલર પ્રો. ડો. હરિભાઈ કાતરિયા અને રજિસ્ટ્રાર ડો. અનિલ સોલંકીનો આભાર વ્યક્ત કરાયો હતો. કાર્યકારી આચાર્ય ડો. જી.જે. ખરાદી તથા ડો. વી.જે. ચૌહાણે બંને અધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતા.

પોલીસ જવાનોના સુખ, શાંતિ અને દીર્ઘાયુષ્ય માટે બહેનોએ પ્રાર્થના કરી

બોડેલીમાં દુર્ગા વાહિની, માતૃ શક્તિ અને બ્રહ્માકુમારીની બહેનોએ પી.આઈ. સહિત પોલીસ જવાનોને રાખડી બાંધી

રક્ષાબંધનની ઉજવણીથી પોલીસ-જનતા વચ્ચેનો સ્નેહસેતુ વધુ મજબૂત બન્યો

(પ્રતિનિધિ) બોડેલી, તા.28

બોડેલી રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે બોડેલી પોલીસ સ્ટેશન પરિસરમાં આજે એક અત્યંત ભાવસભર અને અનોખો કાર્યક્રમ યોજાયો હતો. સમાજની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે પોતાના ઘર-પરિવારથી દૂર રહીને ચોવીસે કલાક ખડેપગે ફરજ બજાવતા પોલીસ જવાનો સાથે દુર્ગા વાહિની, માતૃ શક્તિ ગ્રુપ તેમજ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની બહેનોએ રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

પોલીસ સ્ટાફની નિષ્ઠા, ત્યાગ અને સમર્પણ ભાવ પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરતા બહેનોએ તમામ પોલીસ કર્મીઓના હાથ પર પ્રેમનું રક્ષાસૂત્ર બાંધ્યું હતું. આ તકે બહેનોએ જવાનોના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને દીર્ઘાયુષ્ય માટે ઈશ્વર પાસે પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના બહેનોએ રક્ષાબંધન પર્વનો ગહન આધ્યાત્મિક અને માનવીય મર્મ સમજાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "રક્ષાબંધન એ માત્ર કલાઈ પર દોરો બાંધવા પૂરતો સીમિત તહેવાર નથી, પરંતુ તે પરસ્પર સન્માન, પવિત્રતા, અતુટ વિશ્વાસ અને સમાજમાં ભાઈચારા તથા સદ્ભાવનાનો દિવ્ય સંદેશ આપે છે."

સાવલી તાલુકામાં રક્ષાબંધન પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

રાખડી, મીઠાઈ અને ભેટોની ખરીદીથી સાવલી બજારમાં ભારે ચહલપહલ

(પ્રતિનિધિ) સાવલી, તા. 28

સાવલી તાલુકામાં રક્ષાબંધન પર્વની પરંપરાગત ઉત્સાહ અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. સાવલી સહિત વિવિધ વિસ્તારોમાં બહેનોએ ભારે હેતથી ભાઈઓને રાખડી બાંધી ભાઈ-બહેનના પવિત્ર સંબંધને વધુ ગાઢ બનાવ્યો હતો.

સમગ્ર તાલુકામાં બહેનો ભાઈઓ ના કાંડે રાખડી બાંધીને પૂજા અર્ચના કરીને જુગ જુગ જીવો ના આશીર્વાદ આપતી હતી જ્યારે ભાઈઓ પણ જન્મો જનમ બહેનની રક્ષા કરવાની વચન આપતા જોવા મળતા હતા વિવિધ સ્થળોએ પરિવારજનો તેમજ સમૂહમાં રક્ષાબંધનના કાર્યક્રમો યોજાયા હતા. ભાઈઓએ બહેનોને ભેટ આપી તેમની રક્ષા અને સુખ-સમૃદ્ધિનું વચન આપ્યું હતું.

રક્ષાબંધનને લઈને સાવલીના મુખ્ય બજારમાં ભારે ભીડ જોવા મળી હતી. રાખડી, મીઠાઈ, ફૂલો અને ભેટોની ખરીદી માટે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડતાં બજારોમાં ચહલપહલ જોવા મળી હતી. તહેવારને પગલે વેપારી વર્ગમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તહેવાર નિમિત્તે સાવલી તાલુકાના વિવિધ મંદિરોમાં પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચ્યા હતા અને ધાર્મિક વાતાવરણ વચ્ચે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.